# મહેસૂલ કર્મચારીઓ આક્રમક મૂડમાં : ૨૯મીથી બેમુદતી હડતાલ

હિંમતનગર, તા. ૨૬

છેલ્લા ઘણા સમયથી પડતર રહેલા પ્રશ્નોના ઉકેલ માટે આક્રમક બનેલા મહેસૂલી કર્મચારીઓ આજે માસ સીએલ પર ઉતર્યા હતા અને જિલ્લા કલેક્ટર કચેરી ખાતે સુત્રોચ્ચાર કરી વિરોધ પ્રદર્શિત કર્યો હતો.

ગુજરાત રાજ્ય મહેસૂલી કર્મચારી મહામંડળના પ્રમુખ વિરમભાઈ દેસાઈએ જણાવ્યુ છે કે ગુજરાત રાજ્ય મહેસૂલી કર્મચારી મહામંડળે છેલ્લા ઘણા સમયથી મહેસૂલી કર્મચારીઓની બઢતી, બદલી અને અન્ય પાયાના પ્રશ્નો બાબતે સરકારમાં અનેકવાર રજૂઆત કરી હતી. અનેક રજૂઆતો બાદ પણ મહેસૂલી કર્મચારીઓના પડતર પ્રશ્નોનો ઉકેલ ન આવતા કર્મચારીઓ આક્રમક મૂડમાં આવી ગયા છે. સરકાર સામે વિરોધ પ્રદર્શિત કરવા અને પ્રશ્નોના ઉકેલ બાબતે ગત તા. ૧૯ થી ૨૩ ઓગષ્ટ દરમ્યાન વર્ક ટુ રૂલ અને કાળી પટ્ટી ધારણ કરી વિરોધ પ્રદર્શિત કરવામાં આવ્યો હતો. ત્યારબાદ આજે તા. ૨૬મી ઓગષ્ટના રોજ માસ સીએલ અને જિલ્લા કચેરીએ સૂત્રોચ્ચારનો કાર્યક્રમ યોજાયો હતો. હજુ પણ જો પડતર પ્રશ્નોનો ઉકેલ નહી આવે તો તા. ૨૯મી ઓગષ્ટથી અચોક્કસ મુદતની હડતાલ પર જઈ વધુ આક્રમક કાર્યક્રમો આપવાની તૈયારી ગુજરાત રાજ્ય મહેસૂલી કર્મચારી મહામંડળે કરી છે. છેલ્લા ઘણા સમયની પડતર માંગણીઓને લઈ સમગ્ર રાજ્યમાં મહેસૂલ વિભાગના કર્મચારીઓ ફરી ઉગ્ર થયા છે. પોતાની વિવિધ પંદર જેટલી પડતર માંગણીઓને લઈને આજે રાજ્ય વ્યાપી ધરણા કાર્યક્ર્મ અંતર્ગત અરવલ્લી જિલ્લાના મહેસૂલ વિભાગના કર્મચારીઓએ તેમની પડતર માંગણીઓને પૂરી કરવા માટે જિલ્લા સેવા સદન ખાતે સુત્રોચ્ચાર કર્યા હતા. પોતાની માંગણીઓ ન સંતોષાતા તેઓ એક દિવસની માસ સીએલ પર ઉતરી જતાં કચેરીઓ ખાલી જોવા મળી હતી.

અરવલ્લી જિલ્લા મહેસુલ મહામંડળ એસોસિએસનના જણાવ્યા મુજબ જો તેમની માંગ નહીં સંતોષવામાં આવે તો આગામી ૨૯ તારીખના રોજ તેઓ અચોક્કસ મુદતની હડતાળ પર ઉતરી જશે.

ગુજરાત રાજ્ય મહેસુલી કર્મચારી મહામંડળ દ્વારા લાંબા સમયથી પડતર વિવિધ પ્રશ્નો અંગે રાજ્યના મુખ્યમંત્રી, મહેસુલ મંત્રી અને વિભાગમાં વારંવારની રજુઆત છતાં કોઈ ન્યાય મળ્યો નથી બઢતી, બદલી જેવા પ્રશ્નોમાં પણ ઉકેલ આવતા ન હોવાનું મહેસુલ કર્મચારીઓએ રોષપૂર્વક જણાવ્યું હતું.

મહેસુલ કર્મચારીઓએ દ્વારા આ પહેલા તબક્કાવાર તા. ૧૯ થી ૨૩ તારીખ સુધી કાળી પટ્ટી ધારણ કરી ફરજ નિભાવી હતી. જોકે, મહેસુલ વિભાગના કર્મચારીઓની માંગ હજુ અધ્ધરતાલ હોવાથી હવે સરકાર સામે લડી લેવાના મૂડમાં હોય તેવું લાગી રહ્યું છે. અરવલ્લી જિલ્લાના વર્ગ ત્રણમાં આવતા મહેસુલ વિભાગના તમામ કર્મચારીઓએ મોરચો માંડ્યો હતો, અને અરવલ્લી જિલ્લા સેવા સદનની બહાર પ્લેકાર્ડ બતાવી પોતાની માંગ પૂરી કરવા સુત્રોચ્ચાર કર્યા હતા.







અંબાજી મંદિરમાં જન્માષ્ટમી પર્વ રંગેચંગે ઉજવાયો : ગુજરાતના લોકપ્રિય શક્તિપીઠ અંબાજી મંદિરમાં શુક્રવારની રાત્રે બાર વાગે અંબાજી મંદિરમાં આરતી કરવામાં આવી હતી અને શ્રી કૃષ્ણ જન્મ પર્વ ઉજવવામાં આવ્યો હતો મોટી સંખ્યામાં ભક્તો હાજર રહ્યા હતા અંબાજી મંદિરમાં જન્માષ્ટમી અને શિવરાત્રીના દિવસે રાત્રે બાર વાગે આરતી કરવામાં આવે છે. શુક્રવારની રાત્રે બાર વાગે જગવિખ્યાત અંબાજીમાં શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ અને ભટ્ટજી મહારાજ ના સહયોગથી શ્રીકૃષ્ણ પર્વ ઉજવવામાં આવ્યો હતો અને ભક્તો હાથી ઘોડા પાલખી જય કનૈયા લાલ કી ના નાદ કરતા હતા આમ કૃષ્ણ જન્માષ્ટમી અંબાજી મંદિરમાં ઉજવવામાં આવી હતી અને ભક્તો ને પંજરીનો પ્રસાદ અને માખણ આપવામાં આવ્યું હતું.

# વડગામ તાલુકાના મુક્તેશ્વર ડેમમાં પધરાવેલ દશામાની મૂર્તિઓની અવદશા

**દશામાના ભક્તો દ્વારા જ દશામાની અવદશા કરાતાં ધર્મપ્રેમી જનતાની લાગણી દુભાઈ : મુર્તીઓ ના કારણે મુક્તેશ્વર ડેમ ગંદકીમાં ફેરવાયો**



વડગામ,

વડગામ તાલુકાના મુક્તેશ્વર ખાતે આવેલા ડેમમાં તાજેતરમાં દશામાં વ્રત પૂર્ણ થતાં દશામાં ના ભક્તો દ્વારા દશામાં ની મૂર્તિઓનું વિસર્જન કરાયું હતું.

જેમાં મુક્તેશ્વર ખાતે સરસ્વતી નદીના તટ પર બાંધવામાં આવેલા મુક્તેશ્વર ડેમમાં દશામાં ની અવદશા થવા પામી છે જેના કારણે મુક્તેશ્વર આવતી ધર્મપ્રેમી જનતા ની પણ લાગણીઓ દુભાઈ રહીછે.દશામાના ભક્તો દ્વારા વ્રતના સમયે માટીની મૂર્તિઓ ની જગ્યાએ પ્લાસ્ટીક ઓફ પેરીસની મૂર્તિઓ લાવીને વ્રત પૂર્ણ થયા બાદ આ મુર્તીઓ નું વિસર્જન પાણીમાં કરાઈ રહ્યું છે

પ્લાસ્ટીક ઓફ પેરીસની હોવાથી લાંબા સમય થવા છતાં પાણીમાં ઓગળતી નથી જેના કારણે કેટલીક મૂર્તિઓ ખંડીત બની રહીછે.દશામાના ભક્તો દ્વારા દશાનેજ કાદવ કીચડ માં આડેધડ વિસર્જન કરાતાં દશામાં ની અવદશા થવા પામી છે.જેના કારણે ધર્મપ્રેમી જનતા ની લાગણીને પણ ભારે ઠેસ પહોંચી રહીછે આડેધડ કરાયેલ મૂર્તિઓ ના વિસર્જન થી ડેમ પણ ગંદકી માં ફેરવાયો છે.જે મુક્તેશ્વર ડેમના એક પણ કર્મચારીઓ ની નજરે ન આવતાં તંત્ર સામે પણ ધર્મપ્રેમી જનતા માં રોષ પ્રગટ થઈ રહ્યોછે.

આપવિત્રધામ માં મુક્તેશ્વર ડેમની અને દશામાની અવદશા જોઈને લોકોમાં મોકેશ્વર સિંચાઈ ના અધિકારી સામે અનેક સવાલો ઉઠવા પામ્યા છે.

# વર્ષોથી વિકાસ માટે તરસતું દાંતા તાલુકાનું અંતરિયાળ બામણીયા ગામ

**સ્થાનીક સમસ્યાઓનો નિકાલ ન આવતા ગ્રામજનો ભારે હેરાન પરેશાન**





અંબાજી

ભારત દેશ આઝાદ થયો આઝાદી બાદ જમ્મુ કાશ્મીર થી લઈ કન્યાકુમારી સુધી રોડ, પાણી અને વીજળીની સમસ્યાઓ દૂર થઈ હાલ ભારત દેશ ડિજિટલ ઈન્ડિયા તરફ આગળ વધી રહ્યો છે સાથે દેશનું રોલ મોડેલ ગણાતું ગુજરાત પણ વિશ્વમા અગ્રેસર રહ્યું છે ત્યારે આજ ગુજરાતના બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકાના અંતરિયાળ ગામ એવા બામણીયા મા રોડ પાણી અને વિવિધ સમસ્યાઓથી ગ્રામજનો ભારે હેરાન પરેશાન થઈ ગયા છે ત્યારે જવાબદાર તંત્ર આ બાબતે કોઈ જ પગલા ન લેતા ગ્રામજનો ભારે હેરાન પરેશાન થઈ ગયા છે

દાંતા તાલુકા નું મોટાસાડા ગામ પાસે આવેલું બામણીયા ગામ વિકાસની દ્રષ્ટિએ ઘણું પાછળ રહી ગયું છે આ ગામમાં વિવિધ પ્રકારના સરપંચ અને તલાટી કામગીરી કર્યા બાદ પણ આ ગામની સમસ્યા ઠેરની ઠેર રહી છે હાલમાં થોડા જ વરસાદમાં આ ગામના રસ્તાઓ ઉબડ ખાબડ થઈ ગયા છે ગામમાં ગંદકીએ માઝા મૂકી છે ગંદકીના કારણે ટાઈફોઈડ મેલેરિયા અને ડેન્ગ્યુ જેવા રોગો થી કોઈ બીમાર પડે તો તેની જવાબદારી કોની ? આ ગામમાં તલાટી પણ આંખ આડા કાન કરી રહ્યા છે આ ગામમાં રાજકીય નેતાઓ પણ પોતાના વોટ માટે ગ્રામજનો ઉપયોગ કરી પાંચ વર્ષ માટે જતા રહે છે આ ગામની સમસ્યાઓથી ગ્રામજનો ભારે હેરાન પરેશાન થઈ ગયા છે આવનારા દિવસોમાં આ બાબતે કાયમી નિકાલ નહી આવે તો ગ્રામજનો ગાંધીજીના માર્ગે આંદોલન કરશે.

**પ્રાંતિજ મોયદ બીટ પાસેથી**

# અમૂલ સ્પે દૂધ પાઉડરની ચોરી થતા પોલીસ ફરીયાદ

પ્રાંતિજ, તા. ૨૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના મોયદ બીટ પાસેથી ૧૧,૨૩,૮૮૮ના અમુલ સ્પે પાઉડરની ચોરી થતાં ત્રણ અજાણ્યા ઈસમો વિરૂધ્ધ પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં કન્ટેનરના ડ્રાઈવર દ્વારા પોલીસ ફરીયાદ કરી તો પ્રાંતિજ પોલીસે ગુનોનોધી આગળની તપાસ પ્રાંતિજ પીઆઈ કે.એસ. બ્રહ્મભટ્ટ દ્વારા હાથ ધરવામા આવી હતી.

સાબર ડેરીથી અમુલ સ્પે પાઉડર ભરીને તા. ૨૪-૮-૨૦૧૯ના રોજ રાત્રીએ અમદાવાદ હાઈવે પ્રાંતિજની મોયદ બીટ પાસે ઈન્ડીયન ઓઈલ પેટ્રોલપંપ ઉપર રાત્રીના પાર્ક કરેલ કન્ટેનર એનએલ.૦૧.એનસી૭૪૦૧માંથી ૨૪મીની વહેલી સવારે કોઈ અજાણ્યા ચોર ઈસમો દ્વારા પોતાનું મોટુ વાહન ટ્રક લઈને આવીને આ કન્ટેનરમાંથી અમુલ સ્પે દુધ પાઉડર બોક્ષ (કાર્ટુન) નંગ-૩૦૪ ચોરી કરી લઈ જઈ જેની કિંમત ૧૧,૨૩,૮૮૮ની કોઈ અજાણ્યા ત્રણ ઈસમો વહેલી સવારે ચોરી કરી લઈ જતા આ અંગેની જાણ પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં કન્ટેનરના ડ્રાઈવર સંજુસીંગ લાભસીંગ જગતસીંગ શીખ ઉ.વર્ષ-૨૨ ધંધો-ડ્રાઈવર રહે.સલવર, રાજસ્થાનનાઓએ પોલીસ ફરીયાદ કરતા પ્રાંતિજ પોલીસે આઈપીસી કલમ ૩૭૯,૧૧૪ મુજબ ગુનો નોધી આગળની તપાસ પ્રાંતિજ પોલીસ સ્ટેશનના પીઆઈ કે.એસ. બ્રહ્મભટ્ટ દ્વારા હાથ ધરવામા આવી છે.


**શામળાજીના શામળપુર નજીક ૧૦ શખ્સોએ**

# ગાંધીનગરના ખાનગી કંપનીના ડાયરેક્ટરની કારમાં તોડફોડ

શામળાજી, તા. ૨૬

જન્માષ્ટમીના તહેવાર નિમિત્તે શામળાજી નજીક અમદાવાદ-ઉદેપુર ને.હા.નં-૮ પર આવેલા શામળપુર ગામે શોભાયાત્રા નીકળી હતી. શોભાયાત્રા નેશનલ હાઈવે પર આવી જતા કાર ચાલકે શોભાયાત્રાની બાજુમાંથી રહેલ જગ્યામાંથી કાર કાઢવાનો પ્રયત્ન કરતા શોભાયાત્રામાં રહેલા કેટલાક શખ્સોએ ગાડી કેમ ઉભો રાખતો નથી કહી કારમાં તોડફોડ કરી કારચાલકને ગડદાપાટુનો માર મારી બિભસ્ત ગાળો બોલતા ને.હા.નં-૮ પર હોબાળો થતા વાહનવ્યવહાર થંભી ગયો હતો. શામળાજી પોલીસ ઘટનાસ્થળે પહોંચી મામલો થાળે પાડી કાર ચાલકની ફરિયાદના આધારે શામળપુર ગામના ૧૦ શખ્સો સામે ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ગાંધીનગર ઈન્ફોસીટીમાં ઈ-ટેક કંપનીના ડાયરેક્ટર અને કુડાસણ સ્વાગત રેઈન ફોરેસ્ટમાં રહેતા રાજેન્દ્રસિંહ અમરસિંહ



ડાભી તેમના વતન કુશ્કી ગામે કામકાજ અર્થે વેન્ટો કારમાં આવવા નીકળ્યા હતા. શામળાજી નજીક આવેલા શામળપુર ગામ નજીક પહોંચતા ને.હા.નં-૮ પર શામળપુર ગ્રામજનોએ જન્માષ્ટમી પર્વ નીમિત્તે યોજેલી શોભાયાત્રા પહોંચી હતી. કાર ચાલકે શોભાયાત્રાની બાજુમાં જગ્યા હોવાથી કાર નીકળવાનો પ્રયત્ન કરતા શોભાયાત્રામાં રહેલા કેટલાક શખ્સો લુખ્ખાગીરી પર ઉતરી આવી કાર કેમ ઉભી નથી રાખતો કહી બિભસ્ત ગાળો બોલતા ગાળો બોલવાની ના પાડતાં કારમાં તોડફોડ કરવાની સાથે ગડદાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપતા ને.હા.નં-૮ પર ઝગડાને પગલે ટ્રાફિકજામ થતા અને શામળાજી પોલીસને જાણ થતા ઘટનાસ્થળે પહોંચી કાર ચાલકને બચાવી મામલો થાળે પાડ્યો હતો.

**અંબાજીના દાંતા પાસે આંબાઘાટા નજીક**

# સિનિયર સિટીઝનની બસ પલટી મારતાં ૧ નું મોત

અંબાજી, તા. ૨૬

દાંતા પાસે આંબાઘાટા ખાતે



મોડી રાતે ૬૫ મુસાફરો ભરેલી લકઝરી બસ પલટી જતાં ૪૫ મુસાફરોને ઈજા પહોંચી છે. આ લકઝરી બસનાં મુસાફરો અંબાજીથી દર્શન કરીને આવ્યા હતાં અને મહેસાણા જઈ રહ્યાં હતા. દુર્ઘટના બાદ ઈજાગ્રસ્તોને સતલાસણા રેફરલ હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી હતી, જે બાદ ત્યાંથી વધુ સારવાર માટે થોડા લોકોને અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા જ્યારે ખેરાલુ મહેસાણા અને વડનગર ખાતે સારવાર આપવામાં આવી રહી છે.

આ અકસ્માતમાં ૨૦ લોકોને ગંભીર ઈજા પહોંચતાં અમદાવાદ સિવિલમાં ખસેડવામાં આવ્યા હતા, તો બાકી ઘાયલ લોકોને ખેરાલુ મહેસાણા અને વડનગર ખાતે સારવાર આપવામાં આવી રહી છે.

ત્યારે જે માહિતી પ્રાપ્ત થઈ રહી છે એ પ્રમાણે આ લકઝરીમાં આશરે ૬૫ લોકો સવાર હતા. મહેસાણા રામોસણા ગામ નજીકની સોસાયટીના મંડળો દ્વારા સિનિયર સિટીઝન લોકો માટે અંબાજી પ્રવાસનું આયોજન



કરવામાં આવ્યું હતું. લકઝરી બસમાં મુસાફરી કરનાર તમામ ૫૬ મુસાફરો મહેસાણા અને તેની આસપાસના રહેવાસી છે.



## અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં મેઘરાજાની ધબધબાટી

અરવલ્લી જીલ્લામાં રવિવારે સાંજે મેઘરાજાની એન્ટ્રી થઈ હતી. ૧ કલાક જેટલો સમય વરસાદ ખાબક્યા પછી મેઘરાજાએ મોડાસા અને મેઘરજમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. તો યાત્રાધામ શામળાજીમાં મેઘરાજા મહેરબાન થયા હતા. સાબરકાંઠાના વડાલી પંથકમાં પણ વરસાદી માહોલ છવાયો હતો. ઈડરમાં પણ ધીમી ધારે વરસાદ વરસ્યો હતો અને વિજયનગર પંથકમાં લાંબા વિરામ બાદ વરસાદ આવતા લોકોમાં ખુશી જોવા મળી હતી. મેઘરાજાના આગમનથી વાતાવરણમાં શીત લહેર પ્રસરી હતી.